| | |
|---|---|
| **કામનું નામઃ–** | ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૧૨ તળાવોનું ૧ વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ કરવાનું કામ. |

**અંદાજીત રકમ રૂા. 1,04,02,054/-**

**ઈ ટેન્ડરીંગ પધ્ધતિ ધ્વારા**

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
( ૦ ૨૭૮ – ૨ ૪૩૦ ૨૪૭ )

**વોટર વર્કસ વિભાગ**
**ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર**
**ફોન નં.(૦૨૭૮) ૨ ૪૩૦ ૨૪૭**

**ટેન્ડર નંબર –**

# ટેન્ડર

| | |
|---|---|
| **કામનું નામઃ–** | ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બાર તળાવોનું ૧ વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ કરવાનું કામ. |

| | | |
|---|---|---|
| કામની અંદાજીત રકમ | :– | RS. 1,04,02,054/- |
| ખર્ચનો હેડ | :– | SJMMSVY Grant- |
| ટેન્ડર ફી રૂા | :– | **RS. 3600/-** |
| ટેન્ડર સાથેની ભરવાની ડીપોઝીટ | :– | **RS. 1,04,020/-** |
| ટેન્ડર ઈસ્યુ કર્યા તારીખ | :– | ઈ ટેન્ડરીંગ પધ્ધતિ ધ્વારા |
| ટેન્ડર પરત કરવાની આખરી તારીખ | :– | ઈ ટેન્ડરીંગ પધ્ધતિ ધ્વારા |
| કોન્ટ્રાકટરનું નામ | :– | |
| સરનામું | :– | |
| કાન્ટ્રાકટરશ્રીનો મો.નંબર | :– | |
| ટેન્ડર ફી ની રકમ તથા પહોચ નંબર | :– | |
| ટેન્ડર પહોંચતા કરવાનું સરનામું | :– | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,<br>વોટર વર્કસ વિભાગ,<br>મહાનગરપાલિકા,<br>સર મંગળસિંહજી રોડ,બીગ બજાર મોલની સામે,<br>ભાવનગર–૩૬૪૦૦૧ |
| ઈ–મેઈલ આઈ.ડી. | :– | waterworksbmc@gmail.com |

**વોટર વર્કસ વિભાગ,**
**મહાનગરપાલીકા, ભાવનગર**

# – : : TENDER : : –

| | |
|---|---|
| **કામનું નામ :–** | **ભાવનગર મહાનગરપાલિકા  વિસ્તારમાં આવેલ બાર તળાવોનું ૧ વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ કરવાનું કામ.** |
| **ખર્ચનો હેડ :–** | SJMMSVY Grant |

| Sr. No. | Item No. | Description | **quantity** | **unit** | **rate** | **total amount** |
|---|---|---|---|---|---|---|
| 1 | 59 (w.w) | જે.સી.બી. મશીન ભાડે લાવવું | 200.00 | hour | 847.00 | 169400.00 |
| 2 | 62 (w.w) | પથ્થરનું પીચીંગ કામ | 750.00 | Sqm | 584.00 | 438000.00 |
| 3 | R&B SOR 7.6(I) | (i) Uncoursed Rubble Masonry with hard stone of approved quality in foundations and plinth in Cement Mortar 1:6 (1-cement : 6-coarse sand including levelling up etc. complete | 300.00 | cu.m | 2567.17 | 770151.00 |
| 4 | 62 (w.w) | ટ્રેક્ટર ટ્રોલી ભાડે આપવું | 600.00 | 1 - day | 1567.00 | 940200.00 |
| 5 | 74 (w.w) | મોરમ / પરાજુ સપ્લાય કરી પાથરી આપવા | 500.00 | cu.m | 330.00 | 165000.00 |
| 6 | Build A49 | ડબલ કોટ સેન્ડ ફેસ પ્લાસ્ટર | 1100.00 | Sqm | 231.00 | 254100.00 |
| 7 | 51A (w.w) | બેલદાર સપ્લાય - સ્ત્રી (સીટી લીમીટમાં) સાફ સફાઈ માટે | 1700.00 | EACH | 381.00 | 647700.00 |
| 8 | 51B (w.w) | બેલદાર સપ્લાય - પુરુષ (સીટી લીમીટમાં) સાફ સફાઈ માટે | 1700.00 | EACH | 550.00 | 935000.00 |
| 9 | 51B (w.w) | બેલદાર સપ્લાય - પુરુષ (સીટી લીમીટમાં) સીક્યુરીટી માટે -  તળાવ માટે ત્રણ શીફ્ટમાં ૩૬૫ દીવસ માટે 5*3*365 | 5475.00 | EACH | 550.00 | 3011250.00 |
| 10 | R&B SOR 14032 | Providing and fixing pre-cast concrete kerb stone of gray cement based concrete block 30cm length,30cm height and 15cm thick of M250 grade concret as per approved design and including excavation for fixing in proper line and level,filling the joint with C:M 1:3 cement:3fine sand) etc complete. | 1600.00 | Rmt | 371.21 | 593936.00 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 11 | R&B SOR 14033 | Providing and fixing pre-cast Rubber Dye / steel Dye inter locking concrete block 60mm thick with grade of concrete M300 pnumatic compressed / vibrated mechanically and as per approved design Confirming to IS 15658 : 2006 including 35 mm Sand layer for levelling and filling the joint with sand in proper line and level as per guidlines of IRC : SP 63-2018 etc. Complete. | 1000.00 | Sqm | 700.54 | 700540.00 |
| 12 | Garden - 1 | RCC banches for 3 seater As Directed By EIC. | 100.00 | Nos | 3500.00 | 350000.00 |
| 13 | 19 (w.w) | 1:6 ના પ્રમાણમાં ચણતર | 75.00 | cu.m | 4661 | 349575.00 |
| 14 | R&B SOR 22.2 | Providing and fixing 1.20 Metre high fencing with 2.0 Metre long M.S. Angle posts 40mm x 40 mm x6 mm and oil painting 3 coats fixed at 2.5 Mt,C/c. with five Horizontan lines and two diagonals of galvanised steel barbed wire weighting 9.38 Kg. per 100 Metre, strained and fixed to posts with G.I,staples including fixing the postsin ground with 0.5 M x 0.5.M x 0.5 M. block in C.C1:5:10 etc complete. | 700.00 | Rmt | 388.05 | 271635.00 |
| 15 | R&B SOR 19031 | Finishing wall with weather proof exterior emulsion paint on wall surface (two coats) to give an required shape even shade after thoroughly brushing the surface to remove all dirt, and remains of loose powdered materials.etc complete | 1100.00 | Sqm | 120.93 | 133023.00 |
| 16 | garden | લોખંડના ટ્રીગાર્ડ સુચવેલ સ્પેસીફીકિશન મુજબના સુચવેલ સ્થળે  વૃક્ષારોપણ સાથે ફિટીંગ કરી આપવાનો ભાવ ૨૬ થી ૫૦ નંગ માટે | 240.00 | Nos | 1910.6 | 458544.00 |
| 17 | build B119 | જુની પ્રીકાસ્ટ કર્બિંગ દુર કરી આપવાનુ કામ તથા સુચવ્યા મુજબની જગ્યાએ રીફિટ કરી આપવાનું કામ | 800.00 | Rmt | 180 | 144000.00 |
| 18 | build B120 | પેવીંગ બ્લોક રી-ફીટીંગ કરી આપવાનું કામ | 500.00 | Sqm | 140 | 70000.00 |
| | | | | | Total Rs. | **10402054.00** |

| Sr. No. | Item No. | Description | **quantity** | **unit** | **rate** | **total amount** |
|---|---|---|---|---|---|---|
| 1 | RA | વિભાગ દ્વારા સુચવવામાં આવે તે મુજબ ૧૨-તળાવમા સાફ સફાઈ, રીપેર કામ, મેન્ટેનન્સ કામ, (પાંચ તળાવ માટે ત્રણ શીફ્ટમાં સિક્યુરીટી) રાખવાનું, જરૂરી મશીનરી અને સાધન સામગ્રી સાથે રીપેર કામ, વૃક્ષો ને પાણી પાવાનું કામ સાથે તળાવની સંપુર્ણ જાળવણી કરવાનું કામ. | 12.00 | Month | 866837.83 | 10402054.00 |
| | | | | | Total Rs. | 10402054.00 |
| | | Note:- all the above rate are Excluding GST | | | Say Rs. | 10402054.00 |

## – : : ટેન્ડર આઈટમો નું ડીટેઈલ સ્પેસીફીકેશન :: –

| | |
|---|---|
| **કામનું નામ:–** | ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૧૨ તળાવોનું ૧ વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ કરવાનું કામ. |

| ક્રમ | વિગત |
|---|---|
| 1) | **ખોદાણ કામ તમામ પ્રકારની માટીમાં અંદાજપત્રક માં દર્શાવ્યા મુજબ** |
| (એ) | મશીનરીના તમામ દસ્તાવેજો આર.ટી.ઓ. પાર્સીગ વગેરે સ્થળ પર સાથે રાખવાના રહેશે. |
| (બી) | મશીનરીનું કામ કુશળ ડ્રાઈવર મારફતે કામ કરવાનું રહેશે. અને મશીનરીથી કોઈ અકસ્માત થાય તો તેની જવાબદારી એજન્સીની રહેશે. |
| (સી) | વિભાગ ધ્વારા જે સ્થળ પર ખોદાણ કામ કરવાની સુચના આપે તે જ સ્થળ પર ખોદાણ કામ કરવાનું રહેશે. અને ખોદાણ કામથી નિકળેલ માટી વિભાગ ધ્વારા જે રીતે સુચના અપાય તે રીતે પાથરી દેવાની રહેશે. |
| (ડી) | ખોદાયેલ માટી તળાવના પાળાના કામ માટે ઉપયોગમાં લેવાની હોય એજન્સી ધ્વારા ખોદાયેલ માટી અન્યત્ર સ્થળ પર લઈ જઈ શકશે નહી આવી બાબત ધ્યાન પર આવશે તો કરેલ કામનું ચુકવણુ કરવામાં આવશે નહી અને આ બાબતે મહાનગરપાલીકા જે નીર્ણય કરે તે એજન્સી ધ્વારા માન્ય રાખવાનો રહેશે. |
| (ઈ) | ખેડુતો ધ્વારા પોતાના વાહન ધ્વારા માટી ભરવા આવે અને વિભાગ ધ્વારા ખેડુતને મંજુરી મળેલ હોય તો એજન્સી ધ્વારા તેમની મશીનરી મારફત માટી ભરી આપવાની રહેશે. |
| (એફ) | મશીનરીના વપરાશ બાબતના રેકર્ડ દૈનિક નિભાવવાના રહેશે અને દિવસના અંતે કામના ઈન્ચાર્જ એન્જીનીયર અથવા ફીલ્ડ સ્ટાફની સહી કરાવી લેવાની રહેશે. |
| (જી) | કામ દરમ્યાન તળાવના જંગલ કટીગ કરવાથી ઉપલબ્ધ થયેલ બળતણ મહતમ જથ્થામાં નજીકના સ્મશાનમાં જમા કરવાનું રહેશે. અને આ અંગેના રેકર્ડ નીભાવવાના રહેશે. |
| (એચ.) | જે.સી.બી., હીટાચી, ટ્રેકટર, ડમ્પર વગેરે મશીનરી કામના સ્થળ પર પહોચતી કરવાની જવાબદારી એજન્સીની રહેશે અને આ મશીનરીમાં કોઈ ખોટકો થાય કે નુકશાન થાય તો તેની જવાબદારી એજન્સીની રહેશે. |
| | |
| **(૨)** | **પીચીગ કામ** |
| (એ) | પીચીગ કામ માટે વપરાશમાં આવનાર પથ્થર પ્રથમ કામના એન્જીનીયર ઈન્ચાર્જ પાસે પાસ કરાવવાનો રહેશે. |
| (બી) | પીચીગ કામ કરતા પુર્વે માટી પાળાની જરૂરી લેવલીગ અને ડેશીગ કરી આપવાનું રહેશે. |
| (સી) | પીચીગ કામમાં વપરાશમાં આવનાર પથ્થરની મીનીમમ થીકનેશ ૧૫ સે.મી. હોવી જરૂરી છે. અને સારા ફેસવાળા પાકા પથ્થરનું પીચીગ કરવાનું રહેશે. |
| (ડી) | પીચીગ કામ પુર્ણ થયા બાદ ૧:૨:સીમેન્ટ મોર્ટરમાં વાટો કરી આપવાનું રહેશે અને વાટાનું કામ પુર્ણ થયા બાદ તેમને જરૂરી કયોરીગ કરવાનું રહેશે. |
| **(૩)** | **મોરમ અથવા પરાજુ સપ્લાય** |
| (એ) | મોરમ અથવા પરાજુ સપ્લાય કામ કરતા પુર્વે કામના ઈન્ચાર્જ એન્જીનીયર ધ્વારા મોરમ તથા પરાજુની તપાસ કરાવી લેવાની રહેશે ત્યારબાદ સ્થળ પર સ્ટેક કરી તેને સુચના મુજબ પાથરી આપવાનું રહેશે. |

# :: ટેન્ડરની શરતો ::–

(૧) ટેન્ડરમાં કોઈપણ પ્રકારની શરતો રાખવી નહી, શરતી ટેન્ડર રદને પાત્ર છે.

(૨) આ કામની મુદત L.O.A. મળ્યાથી **૧૨** માસ રાખવામાં આવેલ છે. આ કામ માટે ( L.O.I./ L.O.A.) મળ્યા તારીખ થી દીન–૨૧ માં જરૂરી કાર્યવાહી કરી એગ્રીમેન્ટ કરાવી લેવાનું રહેશે. આ સુચિત કામ માટે પુરતી સમય મર્યાદા રાખવામાં આવેલ હોય આથી સમય મર્યાદા બાબતે કોઈપણ પ્રકારની રજુઆતો માન્ય રાખવામાં આવશે નહી.

(૩) જો કોઈ સંજોગોમાં એજન્સી ધ્વારા આ કામ ન કરવામાં આવે તો એજન્સીએ ભરેલ ડીપોઝીટની રકમ મહાનગરપાલિકા ધ્વારા ફોરફીટ કરવામાં આવશે, અને એજન્સી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) ટેન્ડર ખોલ્યાની તારીખથી ત્રણ માસ ( ૯૦ દિવસ )માં અમોને વર્ક–ઓર્ડર આપવામાં આવશે તો અમો ભરેલ ભાવો થી મહાનગરપાલિકાના સ્પેશીફીકેશન મુજબ આ કામ કરી આપવા સંમત છીએ.

(૫) મહાનગરપાલિકાના/સરકારશ્રીના વખતો વખતના નિયત, ધારા–ધોરણ અનુસાર, કોન્ટ્રાકટરે તેઓના ખર્ચે જરૂરી સ્ટેમ્પ પેપર લાવી નિયમોનુસારનું એગ્રીમેન્ટ –ડીપોઝીટ કરવાના રહેશે. જે અંગેની જરૂરી માહિતી વોટર વર્કસ વિભાગ મહાનગરપાલિકા માંથી રૂબરૂમાં મેળવી લેવાની રહેશે.

(૬) સદરહું કામના આઈટમોમાં ફેરફાર અથવા કોઈ જથ્થામાં વધારો ઘટાડો કરવો પડે તો તેમ કરવાને કાર્યપાલક ઈજનેરશ્રી મુખત્યાર છે અને તે પ્રમાણે કોન્ટ્રાકટરે કંઈ વાંધો લેવાનો રહેશે નહિ. આ પ્રકારના કામમાં વધારો/ઘટાડો કે ફેરફાર થાય તેવા સંજોગોમાં સુચના અનુસારનું કામ કરી આપવાનુ રહેશે. આ ફેરફારવાળા કામના ભાવો કમિશ્નરશ્રી નિશ્ચિત કરશે તે અમોને કબુલ મંજુર છે.

(૭) આ કામ બાબતે નિશ્ચિત થયેલ કોન્ટ્રાકટર દવારા અન્ય કોઈ પેટા કોન્ટ્રકટર પાસેથી કામ કરાવી શકાશે નહિ અને આ કામ બાબતે કુશળ કારીગરો પાસે થી કામ કરાવવાનું રહેશે.

(૮) આ કામ ટેન્ડરમાં દર્શાવેલ સમયગાળામાં પૂર્ણ કરવાનુ રહેશે. જો કામમાં વિલંબ થાય તો મહાનગરપાલિકાનાં નિયમોનુસાર જેટલા દિવસ કામ વિલંબીત થાય તેટલા દિવસ માટે કામની રકમનાં **પ્રતિદિન ૦.૧૦ % પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.** આ પેનલ્ટીની મહતમ રકમ કામની રકમનાં ૧૦ % મુજબ લેવામાં આવશે.

ટેન્ડરમાં દર્શાવેલ કામ સિવાયનુ જો કોઈ વધારાનુ કામ કરવાનુ થાય તો તે.અંગે માન.કમિશ્નર સાહેબની પૂર્વ મંજુરી મેળવી આ કામ માટેની માન.કમિશ્નર સાહેબ ધ્વારા જેટલા દિવસ માટેની વધારાની સમય મર્યાદા આપે તેટલા દિવસમાં વધારાનુ કામ પૂર્ણ કરવાનુ રહેશે.

(૯) આ કામ માટે નિશ્ચિત થયેલ ધારાધોરણો/સ્પેશીફીકેશન મુજબનો માલ સામાન વાપરવાનો રહેશે જો આ માલ સામાન યોગ્ય ગુણવતાવાળો ન હોય તો આ માલ સામાન કોન્ટ્રકટરે તેના ખર્ચે અને જોખમે દુર કરવાનો રહેશે. અને આ કામ બાબતે સ્થળ પરના વિભાગના સબંધિત કર્મચારી આ કામ અટકાવી શકશે.

(૧૦) આ કામ નિશ્ચિત થયેલ સમય મર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે, જો આ કામમાં પુરતી ઝડપ નહિ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં આ કામ મહાનગરપાલિકા દવારા અન્ય એજન્સી પાસેથી મુળ એજન્સીના ખર્ચે અને જોખમે કામ કરાવવામાં આવશે. અને આ કામની રકમ, બીલ અથવા ડીપોઝીટમાંથી કાપવામાં આવશે.

(૧૧) આ કામ બાબતે કોઈ વાદ–વિવાદ કે કાનુની પ્રશ્ન ઉપસ્થિત થયે અથવા આ કામ પુરૂ કરવા બાબતે કોન્ટ્રકટરશ્રી ધ્વારા વિલંબ કરે અથવા ના પાડવામાં આવે તેવા સંજોગોમાં આ કામ બાબતે આગળની જરૂરી કાર્યવાહી માટે કમિશ્નરશ્રી મહાનગરપાલિકા જે નિર્ણય કરે તે બંધન કર્તા રહેશે.

(૧૨) આ કામ માટે કોન્ટ્રકટરે રાખવામાં આવેલ મજુરોને નાણાંકીય ચુકવણી બાબતે સરકારશ્રી પ્રવર્તમાન તથા વખતો – વખતના મજુર કાયદા / લેબર લો ના નિયમોનુ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ કામ માટે નું મટીરીયલ્સ જો કોઈ બીજી બાબતમાં દર્શાવવમાં આવેલ ન હોય તેવા સંજોગોમાં આ કામ માટે આઈ.એસ. સ્પેશીફીકેશન અનુસારનું ગણવાનું રહેશે.

(૧૫) આ કામ માટેના નિયત કોન્ટ્રકટર/એજન્સીએ આ કામ માટે ભાવનગર મહાનગરપાલિકાને સીધા જવાબદાર છે. અને મહાનગરપાલિકા તરફથી મળતી તમામ સુચનાઓ, કામની ગુણવત્તા, જથ્થો, નકશામાં ફેરફાર, સ્પેશીફીકેશન, કામ કરવાની અનુકુળતા, પાણી વિગેરે બાબતે રોજે રોજના કામના સુપરવિઝન માટેવખતો વખતનાં ઓડર્સ મેળવવાના રહેશે. ચાલુ પાણી સપ્લાયમાં કોઈ વિક્ષેપ ન પડે તે રીતે કામગીરી કરવાની રહેશે.

(૧૬) આ કામ માટે કોન્ટ્રકટરે તેના ખર્ચે અને જોખમે તમામ પ્રકારના સાધનો, સ્કેફોલ્ડીંગ્ઝ, મશીનરી વિગેરેની વ્યવસ્થા કરવાની રહેશે તથા સમય મર્યાદામાં કામ પુર્ણ કરવા માટે સારી કન્ડીશનમાં મેન્ટેન કરવાની રહેશે.

(૧૭) કોન્ટ્રાકટરે સરકારશ્રી ધ્વારા નકકી કરાયેલ સેલ્સટેક્ષ, ઈન્કમ ટેક્ષ, રોયલ્ટી, ઓકટ્રોય, વેટ, ઈ.એસ.ઈ. પ્રિમિયમ, લેબસેસ, તેમજ તમામ પ્રકારના સરચાર્જ, તેમજ સરકારશ્રીની વખતો–વખતની સુચનાઓ અને આદેશ અનુસાર ભરપાઈ કરવાના રહેશે. તથા આ અંગેના જરૂરી આધારો ઓફિસ જણાવે ત્યારે રજુ કરવાનાં રહેશે. ભાવનગર મહાનગરપાલિકા આ અંગે નો કોઈ દાવો સાંભળશે નહી.

(૧૮) કોન્ટ્રાકટર દવારા કામના તમામ લેવલે તથા કામની ગુણવત્તા અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ કોન્ટ્રાકટર તેની ચોકકસાઈ માટે સંપુર્ણ જવાબદાર ગણાશે. કોન્ટ્રાકટર દ્વારા કામની લાઈન લેવલ તથા કામ શરુ કરવાનાં પ્રાથમિક તબકકા માટે જરૂરી તમામ સાધનો તથા સ્ટાફની વ્યવસ્થા કરવાની રહેશે. તથા આ માટે કોઈ અલગ નાણા ભાવનગર મહાનગરપાલીકા દ્વારા ચુકવવામાં આવશે નહી. સાઈટ કલીયરીંગ માટે પણ કોઈ અલગ નાણા ભાવનગર મહાનગરપાલીકા દ્વારા ચુકવવામાં આવશે નહી.

(૧૯) થયેલ કામના રનીંગ બીલના ચુકવણા થવાથી તે કામ અને આઈટમ માન્ય રાખેલ છે, તેવુ માની લેવાનું રહેતું નથી તથા કામની ગુણવત્તા બાબતે કોન્ટ્રકટરને જવાબદારી માંથી કોઈ પણ જાતની મુકિત આપવામાં આવતી નથી.

(૨૦) કોઈ પણ કામનો સ્પેશીફીકેશનમાં સમાવેશ થયેલ ન હોય, તેવા સંજોગોમાં પી.ડબલ્યુ.ડી. હેન્ડ બુક અનુસાર / સરકારશ્રીના પાણી પુરવઠા બોર્ડના એસ.ઓ.આર. અને તેની ગાઈડ લાઈન અનુસાર કામ કરવાનુ રહેશે. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા ભાવનગરના આદેશ અનુસાર કરવાનું રહેશે.

(૨૧) કામ પુર્ણ થયા બાદ વિભાગની સુચના અનુસાર સાઈટ કલીયર કરી આપવાની છે અને તેની લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૨૨) કામ પર સુચના લેવા માટે કોન્ટ્રાકટરે હાજર રહેવાનું રહેશે અથવા જવાબદાર ટેકનીકલ કવોલીફાઈડ માણસ ને સ્થળ પર હાજર રાખવાના રહેશે.

(૨૩) મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા સિવાય કોઈ પણ પ્રકારનું એકસ્ટ્રા કામ કરવું નહિ.

(૨૪) આ કામ માટે કોન્ટ્રાકટરે કામની વિગતો માટે સ્થળ તપાસ કરી લેવી જરૂરી છે, તેમજ આ કામની વધુ વિગતો માટે ઓફીસમાં સંપર્ક કરી રૂબરૂ માહિતી મેળવી લેવી.

(૨૫) કોન્ટ્રાકટરે આ કામ બાબતે સ્થળ પર પાણી, વીજળી,જાહેર સુચનાના નોટીસ બાર્ડ તેમજ આડાસ રાખવા વિગેરે બાબતની આનુસાંગીક વ્યવસ્થા તેઓના ખર્ચે અને જોખમે કરવાની રહેશે.

(૨૬) આ કામ માટે ભાવનગર મહાનગરપાલિકાને જરૂર જણાયે નેગોસીએશન કરવાનુ થાય ત્યારે કોન્ટ્રાકટરે રૂબરૂમાં હાજર રહી નેગોસીએશન કરવાનું રહેશે.

(૨૭) કોઈપણ પ્રકારનું એડવાન્સ પેમેન્ટ આપવામાં આવશે નહી.

(૨૮) એસ્ટીમેટેડ (ટેન્ડર) ની કોઈપણ આઈટમની કવોન્ટીટીના કોઈપણ વેરીએશન અંગેનો કોઈપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી. તેમજ કોઈપણ પ્રકારના વ્યાજની રકમની માંગણી કરી શકાશે નહી.

(૨૯) **મટીરીયલ સપ્લાયનું પેમેન્ટ :–** વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તે ટેન્ડરમાં દર્શાવ્યા મુજબનું મટીરીયલનું પ્રથમ કોન્ટ્રાકટર દ્વારા સ્થળ પર સ્ટેક કરી આપવાનો રહેશે. તથા મટીરીયલ્સ સ્ટેક કરતા પૂર્વે આ કામનાં ઈન્ચાર્જ અધિક મદદની ઈજનેર ને જાણ કરવાની રહેશે. સ્થળ પર મટીરીયલ્સ સ્ટેક થયા બાદ પ્રથમ ના.કા.ઈ., કા.ઈ. તથા સી.ઈ.શ્રી ધ્વારા ચેક કરાવવાનું રહેશે. મટીરીયલની તપાસણી થયા બાદ વિભાગની વરિષ્ટ સત્તાને મટીરીયલ્સ બાબતની ગુણવત્તા અંગે સંતોષ થયા બાદ જ સ્થળે કામ શરૂ કરવાનું રહેશે તથા ત્યારબાદ જ મટીરીયલની બીલની માંગણી કરવાની રહેશે. મટીરીલ્સ સપ્લાયનું બીલ ટેન્ડરમાં દર્શાવેલ **મટીરીયલ્સની કુલ કિંમત મુજબ નીચે પ્રમાણે પેમેન્ટ કરવામાં આવશે.**

**(અ) સ્પેશીફીકેશન મુજબનું કામ પુર્ણ થયા બાદ ૧૦૦% પેમેન્ટ કરવામાં આવશે.**

(૩૦) કામ દરમ્યાન કોઈપણ પ્રકારની તુટફુટ કે નુકશાની અંગેનો સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તેમાં કસુર થયે આ કામ અંગે ભરેલ ડીપોઝીટ ફોરફીટ કે પેનલ્ટી કરવાની સત્તા કમિશ્નરશ્રી મહાનગરપાલિકા ભાવનગર કે અધિકૃત અધિકારીને સંપૂર્ણ સતા છે તેમાં વાંધો કે તકરાર લેવાની રહેશે નહી.

(૩૧) ઈન્સ્પેકશન દરમ્યાન અધિકૃત અધિકારી ધ્વારા સુચવ્યા મુજબના ફેરફારો કરી આપવાના રહેશે તથા ત્યારબાદ ફરીથી અધિકૃત અધિકારીને સાઈટ / કામ બતાવવાનું રહેશે.

(૩૨) વિભાગ ધ્વારા સપ્લાય કરવામાં આવતો માલ–સામાન સ્ટોર કે નકકી કરેલ કારખાનું કે ગોડાઉનથી કોન્ટ્રાકટરે તેઓના ખર્ચે લાવવા–લઈ જવાનો રહેશે તે અંગે કોઈ અલગથી ભાડું આપવામાં આવશે નહીં.

(૩૩) ભાવ મંજુર થયા બાદ કોન્ટ્રાકટર ધ્વારા નિયમાનુસાર એગ્રીમેન્ટ કરવામાં નહી આવે તો ટેન્ડર સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૩૪) કોઈ પણ એજન્સી દવારા કામ અધુરુ છોડવામાં આવે અથવા આ કામ કરવા બાબતે જો કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તેવા સંજોગોમાં કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા ભાવનગર દવારા આવા અધુરા કે છોડવામાં આવેલા કે શરૂ ન કરવામાં આવેલા આવા કામ બાબતે આગળની ધારા ધોરણસર ની કાર્યવાહી કરવા કુલ મુખત્યાર છે.

(૩૮) ઉપરોકત કામનાં સ્થળે ચાલુ કામ દરમિયાન જો કોઈ આકસ્મીક ઘટના બને તો તે અંગેની સંબંધિત સરકારી કચેરી તેમજ ઉપસ્થિત થનાર તમામ કાનુની પરિસ્થિતિની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૪૦) આ કામ બાબતે જો કોઈ ફેરફાર થાય અથવા કમિશ્નરશ્રી / મહાનગરપાલીકાની સક્ષમ સત્તા ધ્વારા આ કામ બાબતે કોઈ ફેર વિચારણા કરે તો સદર અંગે કરેલ નિર્ણય અમોને કબુલ મંજુર રહેશે.

(૪૨) જાહેર રસ્તા પર ખોદકામ દરમિયાન જાહેર ટ્રાફીક તેમજ જાહેર નાગરીકોને જાહેર સુચના અંગેના નોટીસ બોર્ડ મુકવાના રહેશે. તેમજ ટ્રાફીકને અડચણ રૂપ કોઈ આકસ્મીક ઘટના ન બને તે અંગેના તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટર ધ્વારા કરવાની રહેશે. રાત્રીના સમયે કોઈ પણ પ્રકારના ખાડા ખુલ્લા ન રહે તે અંગેની વ્યવસ્થા કોન્ટ્રાકટરશ્રી ધ્વારા કરવાની રહેશે.

(૪૩) કામગીરી જાહેર રજા , જાહેર તહેવારો , તેમજ ઈમરજન્સીના સમયમાં કોઈ પણ સમયે કામ પુર્ણ કરી આપવાનુ રહેશે. અને જે બાબતે કોન્ટ્રાકટરે કોઈ વાદ વિવાદ કરવાનો રહેશે નહિ.

(૪૫) કમિશ્નરશ્રી,ભાવનગર મહાનગરપાલીકા – ભાવનગરને કોઈપણ કારણ બતાવ્યા સિવાય કોઈપણ ટેન્ડર સ્વિકારવા અથવા રદ કરવા અંગેનો અધિકાર અબાધિત રહેશે. અને લોએસ્ટ ભાવનું ટેન્ડર સ્વિકારવા માટે પણ બંધનકર્તા નથી, તેમજ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી રહેશે.

આ કામની ટેન્ડરની શરતો તથા સ્પેશીફીકેશનની વિગતો અમોએ બરોબર સમજી / વિચારી / સ્થળ તપાસ / જાત માહિતી મેળવીને આ ટેન્ડરના ભાવો ભરેલ છે. તે મુજબ કોઈપણ વાંધા વગર કામ કરી આપવા બંધાઉ છું અને આ બાબતની પુરતી સમજુતી મળ્યાની ખાતરી ટેન્ડર તથા સ્પેશીફીકેશનમાં દર્શાવેલ છે. જે અમોને કબુલ મંજુર છે.

**એજન્સીનુ નામ :–** ................................

**કોન્ટ્રાકટરની સહી :–**.................................

**કોન્ટ્રાકટરનુનામ :–** .................................

**મોબાઈલ નંબર : –** ..................................